Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 9, Issue 2, December 2023
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં રહેતી નોકરી કરતી અને ગૃહકાર્ય કરતી સ્ત્રીઓના વ્યક્તિત્વનો અભ્યાસ

**ચૌહાણ હાર્દિ ડી.**
M.A (મનોવિજ્ઞાન)

## સારાંશ

પ્રસ્તુત સંશોધન નો હેતુ ગ્રામીણ અને શહેરી વિસ્તાર માં રહેતી ગૃહકાર્ય કરતી અને નોકરી કરતી સ્ત્રીઓ ના વ્યક્તિત્વ ના ૫ પરિમાણોના સંદર્ભ માં અભ્યાસ કરવાનો હતો. આહી ૨x૨ ફેક્ટોરિયલ ડિઝાઇન નો ઉપયોગ કરવામાં આવ્યો. આ સંશોધન માટે અભ્યાસમાં જ્હોન એ.પી. દોનાહ્યું ઈ.એમ. અને કેન્ટલી આર.સી. દ્વારા રચિત બિગ ફાઈવ ઇન્વેન્ટરી નો ઉપયોગ કરવા માં આવીઓ હતો આ સંશોધનિકા મૂળ અંગ્રેજી આવૃતિ માં છે અને  રમીલા મારું દ્વારા  2008 માં ગુજરાતીમાં રૂપાંતર કરવામાં આવ્યું છે જેનો ઉપયોગ કરવામાં આવીઓ હતો. ભુજ તાલુકા અને ગ્રામ્ય વિસ્તાર ની સ્ત્રીઓ ને યાદચ્છિક રીતે ૧૨૦ નમુનાઓ ની પસંદગી કરવામાં આવી. પ્રાપ્ત માહિતી નું પૃથ્થકરણ ‘t’ પરીક્ષણ દ્વારા કરવા માં આવ્યું, પ્રસ્તુત સાંસોધાન ના તારણો માં જોવા મળે છે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માં રહેતી સ્ત્રીઓ ના માનોવિક્ષુબ્ધતા પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે અને ગૃહકાર્ય કરતી અને નોકરી કરતી સ્ત્રીઓના માનોવિક્ષુબ્ધતા  પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી

## 1 પ્રસ્તાવના :-

વ્યક્તિત્વ – પર્સનાલિટી- શબ્દનો ઉપયોગઆપણે હંમેશા કરીએ છીએ, પરંતુ તેનો યોગ્ય અર્થ આપણે જાણતા હોતા નથી. ભાષામાં વ્યક્તિત્વનો અર્થ સ્પષ્ટ અને ચોક્કસ રીત કરવામાં આવતો નથી. વ્યક્તિત્વની બાબતમાં કેટલાક એમ માને છે કે ફક્ત બાહ્ય દેખાવ અને પહેરવેશ જ મહત્વના છે. કેમ જાણે દેખાવ અને પહેરવેશના પર્યાયરૂપે જ વ્યત્ક્તિવ શબ્દ ન વાપરતા હોય- કેટલાક બોલવા ચાલવાની છટાને વ્યક્તિત્વના અર્થરૂપે જુવે છે, ત્યારે આ બધાથી બીજે છેડે જોઈ કેટલાક એમ માને છે કે વ્યક્તિત્વને અને દેખાવને કે બોલચાલને કોઈ સંબંધજ નથી, વ્યક્તિત્વ એતો એનાથી તદ્દન નિરાળો અને સધારણ: તો કોઈકમાં જોવા મળતો ગુણ જ છે. વ્યતિકત્વમાં વ્યક્તિત્વના જન્મજાત માનસિક સામર્થ્ય જ ગણતરીમાં લે છે. કેટલાંકતો એમ પણ માને છે કે ફક્ત અમુક આવેગના માણસો જ વ્યક્તિત્વ છે. સાધારણ માણસો તો વ્યક્તિત્વ વગરના જ છે. ત્યારે બીજા કેટલાક એમ માને છે કે વ્યક્તિત્વએ ફક્ત સામાજિક દેખાવ જ છે અને સામાજિક પરિબળો જ વ્યક્તિત્વ નિર્ધારિત કરે છે, ત્યારે કેટલાક એમ માને છે કે વ્યક્તિનો પુરુષાર્થ વ્યક્તિત્વના ઘડતરમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. તેથી વ્યત્ક્તિત્વનો સાચો અર્થ આપડે સમજવો જોઈએ.

વ્યક્તિત્વએ તે આવશ્યક માનસિક પ્રક્રિયાઓનું એવું ગુફાન છે કે જેને લીધે એક વ્યક્તિ બીજી વ્યક્તિઓથી તરત જ જુદી પડી જાય છે. વ્યક્તિત્વએ જીવનના સમગ્ર પાસાઓને આવરી લેતું અનોખુ લાક્ષણિક સ્થાયી અને ગતિશીલ ગુફન છે.

સામાન્ય માન્યતા પ્રમાણે ,

"વ્યક્તિએ જેને કારણે પ્રત્યેક વ્યક્તિ પોતાના વાતાવરણ સાથે પોતાની આવાગવી અને લાક્ષણિક રીતે સમાયોજન સાધે છે તેવા વ્યક્તિને મનોશારિરીક તંત્રોનું ગતિશીલ સંગઠન છે. "

**-જી. ડબલ્યુ. ઓલ્પોટ**

"વ્યક્તિત્વ એ વ્યક્તિની સમગ્ર જીવકીય પ્રવૃત્તિઓ છે. જેમાં બુદ્ધિ, ચારિત્ર્ય, ઈરણો, (પ્રેરણાઓ) આવેગશીલ વલણો, અભરુચિઓ, વ્યક્તિગત દેખાવ અને સામાજિક જીવનની સામાન્ય અસરકારકતાનો સમાવેશથાય છે."

**-એલ. પી. થોર્ય**

"વ્યક્તિત્વ એ વ્યક્તિનું વાતાવરણ સાથેનું લાક્ષણિક, નિરાળું કે સંવાદિત સમાયોજન છે"

**-લોરેન્સ સેફર**

વ્યક્તિત્વને અંગ્રેજીમાં Personality કહે છે. "Personality " શબ્દ લેટિન શબ્દ Persona શબ્દનો અર્થ "બુરખો " થાય છે. અગાઉના જમાનમાં નાટકના નટનટીઓ પોતાના વિવિધપત્રોઅનુસાર મોઢા ઉપર બુરખો ધારણ કરતા હતા. નાટનટીઓએ જેવો બુરખો પહર્યો હોય તેવો અવાજ કાઢવો પડતો હતો, આ બુરખા અને અવાજ ઉપરથી પ્રેક્ષકો જે તે પાત્રને ઓળખતા પ્રેક્ષકો ઉપર તેમની વિશિષ્ટ છાપ પડત, આના ઉપરથી વ્યક્તિત્વનો ખ્યાલ ઉતારી આવ્યો છે. વ્યક્તિત્વ એ વ્યક્તિનું એ પાસું છે જે બીજાઓ જોઈ શકે છે. અને જેની છાપ બીજાઓ ઉપર પડે છે. આ ખ્યાલ અધૂરો છે. અને તેમાં ઘણા ફેરફારો થાય છે.

## ૨. હેતુ

- ગ્રામીણ અને શહેરી વિસ્તાર માં રહેતી સ્ત્રીઓ ના વ્યક્તિત્વ નો અભ્યાસ.
- ગ્રામીણ અને શહેરી વિસ્તારની નોકરી કરતી અને ગૃહકાર્ય કરતી સ્ત્રીઓ ના વ્યક્તિત્વ નો અભ્યાસ

## ૩. સંશોધન પદ્ધતિ

**(અ) પરિવર્ત્ય –**

પ્રસ્તુત સંશોધન ના પરિવર્ત્યો નીચે પ્રમાણે છે

**૧. સ્વતંત્ર પરિવર્ત્ય**

(a) વિસ્તાર ( ગ્રામ્ય અને શહેરી)

(b) કામનો પ્રકાર (નોકરી અને ગૃહકાર્ય)

**૨.અવલંબિત પરિવરતીય**

દરેક નમૂનાના વ્યક્તિત્વ કસોટી પર પ્રાપ્ત થયેલ પ્રાપ્તાંક

**(બ) ઉતકલ્પનાઓ-**

પ્રસ્તુત અધ્યયનમાં સ્વતંત્ર પરિવર્ત્યો જેવા કે વિસ્તાર (ગ્રામ્ય અને શહેરી) અને કામ નો પ્રકાર (ગૃહકાર્ય અને નોકરી) ને ધ્યાન માં રાખીને નીચે મુજબ શૂન્ય ઉતકલ્પનાઓ બાંધવા માં આવે છે

૧. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતી સ્ત્રીઓની મનોવિક્ષુબ્ધતા અંગેના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

૨ ગ્રામ્ય અને શહેરી વિસ્તારની નોકરી કરતી અને ગૃહ કાર્ય કરતી સ્ત્રીઓના મનોવિક્ષુબ્ધતા અંગેના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

**(ક) વ્યાપવિશ્વ નો નમૂનો –**

પ્રસ્તુત અધ્યયનમાં વ્યાપવિશ્વ તરીકે ભુજ તાલિકા ના શહેર નો અને આસપાસ ના ગામ નો સમાવેશ કરવામાં આવ્યો. વ્યાપવિશ્વમાંથી શહેર અને ગ્રામ્ય ની નોકરી કરતી અને ગૃહકાર્ય કરતી સ્ત્રીઓ ને યાદચ્છિક નમૂના પસંદગી ની પદ્ધત્તિથી નમૂનો લેવાનું નક્કી કર્યું. જે થી સાચા પરિણામો ની પુષ્ટિ કરી શકાય. આ રીતે ૧૨૦ નો નિદર્શ લેવામાં આવ્યો. જેમાં ૬0 સ્ત્રીઓ ગ્રામ્ય વિસ્તાર તેમાં 30 નોકરી કરતી અને 30 ગૃહકાર્ય કરતી હોય એવી સ્ત્રીઓ પસંદ કરવા માં આવી. અને ૬0 સ્ત્રીઓ શહેરી વિસ્તાર ની જેમાં થી 30 નોકરી કરતી અને 30 ગૃહકાર્ય કરતી હોય એમ પસંદગી કરવામાં આવી.

**(ક) સાધનો-**

પ્રસ્તુત સંશોધન માં માહિતી એકત્રીત કરવા નીચે ના સાધનો નો ઉપયોગ કરવા માં આવ્યો,

**૧, વ્યક્તિગત માહિતીપત્ર-**

સ્ત્રીઓના વ્યક્તિગત પરિવર્ત્યો જેવા કે વિસ્તાર ( ગ્રામ્ય અને શહેરી) અને કામ નો પ્રકાર (નોકરી અને ગૃહકાર્ય) વગેરે ને લગતી માહિતી ને એકત્રિત કરવા માટે વ્યક્તિગત માહિતી પત્ર નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૨. બીગ ફાઇવ વ્યક્તિવ સંશોધનિકા-**

અભ્યાસમાં જ્હોન એ.પી. દોનાહ્યું ઈ.એમ. અને કેન્ટલી આર.સી. દ્વારા રચિત બિગ ફાઈવ ઇન્વેન્ટરી નો ઉપયોગ કરવા માં આવીઓ હતો. આ સંશોધનિકા મૂળ અંગ્રેજી આવૃતિ માં છે અને રમીલા મારુંદ્વારા 2008માં ગુજરાતીમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. જેનો ઉપયોગ કરવામાં આવ્યો. પ્રસ્તુત સંશોધનમાં કુલ 44 વિધાનો છે. અને આ વિધાનો દ્વારા કુલ પાંચ વ્યક્તિત્વ ઘટકોનું માપન કરી શકાય છે. પાંચ ઘટકોમાં ખુલ્લાપણું, કર્તવ્યનિષ્ઠા, બહિરમુખતા, સહમતતા અને મનોવિક્ષુપ્ધતા. નો સમાવેશ થાય છે. આ તુલા એક લિંકટ પ્રકારની 5 પોઈન્ટ સ્કેલ છે. જેમાં દરેક વિધાનની સામે સંપૂર્ણ અસમત, અસહમત, તટસ્થ, સહમત, અને સંપૂર્ણ સહમત. જવાબ વૈકલ્પિક પ્રતિચારો આપેલા છે. વિધાયક વિધાન માટે 1,2,3,4,5 એમ ગુણાંકન કરવાનું હોય છે. જ્યારે નિષેધક વિધાનો માટે 5,4,3,2,1 એમ ગુણાંકન કરવાનું હોય છે. અને 17 નિષેધક વિધાનો છે જ્યારે બીજા બધા વિધાયક વિધાનો છે. આ સંશોધનની કામમાં જેમ પ્રતંક ઉંચો તેમ વ્યક્તિમાં જે તે લક્ષણનું પ્રમાણ પણ ઊંચું તેમ અર્થઘટન કરવાનું હોય છે. આ સંશોધનિકા ના સમગ્ર પ્રાપ્તાકં પરનો આલ્ફા વિશ્વસવનિયતા આંક 0.83 જેટલો છે. જ્યારે પ્રમાચણત યથાર્થતા 0.90 થી 0.92 જેટલી દર્શાવેલી છે.

**(4) સંશોધન યોજના**

બે સ્વાતંત્ર પરિવર્ત્યો ની અલગ અલગ અસર તપસવા માટે 2x2 ફેસ્ટોરીયલ ડિઝાઇન કરવા માં આવ્યો. આહિ વિસ્તાર (ગ્રામ્ય અને શહેરી) અને કામ નો પ્રકાર ( નોકરી અને ગૃહકાર્ય) એમ નિદર્શ લેવા માં આવ્યો, કુલ 120 નો નિદર્શ લેવામાં આવ્યો.

**(5) પ્રક્રિયા અને અર્થઘટન-**

બિગ ફાઇવ સંશોધનીકા માં કુલ 44 વિધાનો છે જેમાં લાગુ પડતાં વિધાનો ની સામે ✓ ની નિશાની કરવામાં આવે છે વિધાયક વિધાનો માટે 1,2,3,4,5 એમ ગુણાંકન કરવા નું હોય છે અને નિષેધક વિધાનો માટે 5,4,3,2,1 એમ ગુણાંકન કરવાનું હોય છે આમાં જેમ પ્રાપ્તાંક ઊચા તેમ વ્યક્તિ માં જે-તે લક્ષણ નું પ્રમાણ પણ ઊચું તેમ અર્થઘટન કરવામાં આવે છે

**(6) આંકડાકીય પ્રયુક્તિ-**

પ્રસ્તતુ સશોધનમાં પ્રાપ્ત થયેલ માહિતી નું સ્કોરરિંગ કી ના આધારે મૂલ્યાંકન કરી નીચે મુજબની આંકડાકીય પદ્ધતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**'t' પરીક્ષણ**

વિસ્તાર(ગ્રામ્ય અને શહેરી) અને કામ ના પ્રકાર (નોકરી અને ગૃહકાર્ય) ના વ્યક્તિત્વ ના વિવિધ પાસાના માપન માટે પ્રાપ્ત થયેક પ્રાપ્તાંકો નું વિસ્તાર અને કામ ના પ્રકાર ના આધારે મધ્યક, પ્રમાણિત વિચલન અને 't' ગુણોત્તર શોધવામાં આવીઓ, તેમજ ચકાસણી 0.05 ની સાર્થકતાની કક્ષાએ તપાસવામાં આવ્યું.

**(7) પરિણામ ચર્ચા અને અર્થઘટન-**

**કોષ્ટક નં- 1**

**ગ્રામ્ય અને શહેરી વિસ્તારની સ્ત્રીઓના માનોવિક્ષુબ્ધ્તા પ્રપ્તાંકોના અનુસંધાને મધ્યક, પ્રપ્તાંકોના વિચલન અને 'ટી' મૂલ્યાંકન દર્શાવતું કોષ્ટક.**

| વિસ્તાર | કુલ સંખ્યા (N) | મધ્યક (M) | પ્રમાણ વિચલન (SD) | "ટી"નું મૂલ્ય | sign |
|---|---|---|---|---|---|
| ગ્રામ્ય | 60 | 30.28 | 5.88 | 2.37 | 0.05 |
| શહેરી | 60 | 27.05 | 8.34 | | |

**=118 0.05 Level Of Sign 1.98**

પ્રસ્તુત કોષ્ટક માં જોતાં જણાય છે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારની સ્ત્રીઓના માનોવિક્ષુબ્ધતા ના પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસ માં રચવામાં આવેલ ઉતકલ્પના “ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતી સ્ત્રીઓની મનોવિક્ષુબ્ધતા અંગેના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.” અહી આ શૂન્ય ઉતકલ્પના નો અસ્વીકાર કરવામાં આવે છે આના કારણ તરીકે એવું કહી શકાય કે ગ્રામ્ય વિસ્તાર માં રહેતી સ્ત્રીઓ વધુ પડતી સંયુક્ત કુટુંબ માં રહેતી હોય છે અને એવામાં ત્યાં પરંપરા, મન-મર્યાદા, અને રિવાજો ને જાળવી રખવાનું દબાણ વધી જતું હોય છે,

**કોષ્ટક નં-2**

**ગ્રામ્ય અને શહેરી વિસ્તારની નોકરી કરતી અને ગૃહકાર્ય કરતી સ્ત્રીઓના માનોવિક્ષુબ્ધ્તા અંગેના પ્રપ્તાંકોના અનુસંધાને મધ્યક, પ્રપ્તાંકોના વિચલન અને 'ટી' મૂલ્યાંકન દર્શાવતું કોષ્ટક.**

| કામનો પ્રકાર | કુલ સંખ્યા (N) | મધ્યક (M) | પ્રમાણ વિચલન (SD) | “ટી”નું મૂલ્ય | sign |
|---|---|---|---|---|---|
| નોકરી કરતી સ્ત્રીઓ | 60 | 28.55 | 5.25 | 0.22 | NS |
| ગૃહકાર્ય કરતી સ્ત્રીઓ | 60 | 28.78 | 6.06 | | |

**=df118 0.05 Level Of Sign 1.98**

ગ્રામ્ય અને શહેરી વિસ્તારની ગૃહકાર્ય કરતી અને નોકરી કરતી સ્ત્રીઓના માનોવિક્ષુબ્ધતા અંગેના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી. અહીં ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે

પ્રસ્તુત અભ્યાસ માં રચવામાં આવેલ ઉતકલ્પના “ગ્રામ્ય અને શહેરી વિસ્તારની નોકરી કરતી અને ગૃહ કાર્ય કરતી સ્ત્રીઓના મનો વિક્ષુબ્ધતા અંગેના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.” આહિ શૂન્ય ઉતકલ્પના નો સ્વીકાર થાય છે અહી કહી શકાય કે નોકરી કરતી સ્ત્રીઓ અને ગૃહકર્યા કરતી સ્ત્રીઓ ને તાણ, આવેગેક સમસ્યા, સ્વ-સંશય, હતાશા નું પ્રમાણ સરખા પ્રમાણ માં જ લાગુ પડે છે અહી બંને ના આ વ્યક્તિવ માં કોઈ તફાવત જોવમળતો નથી

**(8) તારણો-**

1. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની સ્ત્રીઓના માનોવિક્ષુબ્ધતા ના પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

2. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની ગૃહકાર્ય કરતી અને નોકરી કરતી સ્ત્રીઓના માનોવિક્ષુબ્ધતા અંગેના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી

**(9) સંદર્ભ ગ્રંથ-**


પ્રો. ઢીલા. બી.ડી.(૨૦૧૩). "UGC NET-GSET મનોવિજ્ઞાન" યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬ (પેજ. નં. ૧૯૫ થી ૨૦૭)

મનોવૈજ્ઞાનિક નિબંધો,(ડૉ.જમકુબેન એ. સોજીત્રા, ડૉ,શારદાબેન એમ. વિરાણી) શ્રી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોષીપુરા-જુનાગઢ,પર્શ્વ પબ્લીકેશન: અમદાવાદ, આવૃત્તિ:2013, P. 154 થી157.

સ્વ સભાનતા અને વ્યક્તિત્વ,શ્રી હેમચંદ્રાચાર્યઉત્તર ગુજરાત યુનિવર્સીટી ડૉ.અરવિંદ એસ. શાહ, ડૉ.બાબુભાઈ એલ.ચૌધરી ડૉ. સુનિતા કે. સુપહિયા.

**Websites**

http://hdl.handle.net/10603/393821
http://hdl.handle.net/10603/326402
http://hdl.handle.net/10603/393821
http://hdl.handle.net/10603/126464
http://hdl.handle.net/10603/319325